# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા એપ્રિલ - 2011

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(MGT)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : નવલકથાનું સ્વરૂપ **(MGT-01)**
**તારીખ** : **20/04/2011**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : (1) દરેક પ્રશ્નના ગુણ એક સરખા છે.
(2) નીચે પૈકી કોઈપણ પાંચ પ્રશ્નોના ઉત્તર આપો. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 ગુજરાતી ભાષામાં નવલકથાનો ઉદ્ભવ અને વિકાસ આલેખો. (14)

પ્રશ્નઃ–2 ઐતિહાસિક નવલકથાની વ્યાખ્યા આપી, ઐતિહાસિક નવલકથાના મુખ્ય લક્ષણોની ઉદાહરણ સાથે ચર્ચા કરો. (14)

પ્રશ્નઃ–3 ગુજરાતી ભાષામાં જાનપદી નવલકથાના સ્વરૂપનો પરિચય કરાવો. (14)

પ્રશ્નઃ–4 નવલકથામાં પ્રારંભ અને અંતનું મૂલ્ય જણાવો. (14)

પ્રશ્નઃ–5 'સરસ્વતી ચંદ્ર' ભાગ–૧ નવલકથાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. (14)

પ્રશ્નઃ–6 'સરસ્વતી ચંદ્ર' ભાગ–૧ પ્રેમ નિમિત્તે સંસ્કૃતિની કથા છે. – આ વિધાનની ચર્ચા કરો. (14)

પ્રશ્નઃ–7 'માનવીની ભવાઈ' નવલકથાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. (14)

પ્રશ્નઃ–8 'માનવીની ભવાઈ' નવલકથાના મુખ્ય પાત્રોની વિશેષતાઓ જણાવો. (14)

પ્રશ્નઃ–9 'સરસ્વતી ચંદ્ર' ભાગ–૧ ના લેખકની ભાષાશૈલીનો ઉદાહરણ સાથે પરિચય કરાવો. (14)

પ્રશ્નઃ–10 'માનવીની ભવાઈ' નવલકથામાં લેખકની વર્ણનકલાનો ઉદાહરણ સાથે પરિચય કરાવો. (14)

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા એપ્રિલ - 2011

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(MGT)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : ગુજરાતી પ્રતિનિધિ કવિતાઓ **(MGT-02)**
**તારીખ** : **23/04/2011**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : (1) દરેક પ્રશ્નના ગુણ એક સરખા છે.

**કુલ ગુણ : 70**

---

- **નીચેના પૈકી કોઈપણ બે પ્રશ્નોના ઉત્તર આપો.**

પ્રશ્નઃ–1 ‘સુદામા ચરિત્ર’નું આખ્યાન કાવ્ય તરીકે મૂલ્યાંકન કરો. (14)

પ્રશ્નઃ–2 ‘અખેગીતા’ કૃતિની વિશેષતાઓ અને મર્યાદાઓની ચર્ચા કરો. (14)

પ્રશ્નઃ–3 ‘અખેગીતા’ કૃતિમાંથી પ્રગટ થતું તત્ત્વજ્ઞાન તમારા શબ્દોમાં જણાવો. (14)

પ્રશ્નઃ–4 ‘પૂર્વાલાપ’ કાવ્ય સંગ્રહના આધારે કવિ કાન્તની વિશેષતાઓ અને મર્યાદાઓની ચર્ચા કરો. (14)

- **નીચેના પૈકી કોઈપણ બે પ્રશ્નોના ઉત્તર આપો.**

પ્રશ્નઃ–5 ‘ધ્વનિ’ કાવ્યસંગ્રહના આધારે રાજેન્દ્ર શાહની કવિ તરીકેની વિશેષતાઓ અને મર્યાદાઓ જણાવો. (14)

પ્રશ્નઃ–6 ‘સપ્તપદી’ કાવ્ય સંગ્રહના આધારે ઉમાશંકર જોશીની કવિ તરીકેની વિશેષતાઓ અને મર્યાદાઓ જણાવો. (14)

પ્રશ્નઃ–7 ‘છિન્ન ભિન્ન છું’ કાવ્યમાં વ્યકત થતી આધુનિક ચેતના વિષે જણાવો. (14)

પ્રશ્નઃ–8 રાજેન્દ્ર શાહના ગીતો અંગે ચર્ચા કરો. (14)

પ્રશ્નઃ–9 ટૂંકનોંધ (ગમે તે **બે**) (14)

1. ‘અતિજ્ઞાન’ ખંડકાવ્ય તરીકે મૂલ્યાંકન
2. ‘સપ્તપદી’ કાવ્યસંગ્રહમાં વપરાયેલા કલ્પનો અને પ્રતીકો
3. ‘અખેગીતા’ કૃતિના શીર્ષકની આલોચના
4. ‘ચક્રવાક મિથુન’ ખંડકાવ્યનો રસાસ્વાદ

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા એપ્રિલ - 2011

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(MGT)**

નોંધણી નંબર : _______________

**પાઠયક્રમ** : ગુજરાતી ભાષાનું ધ્વનિતંત્ર અને રૂપતંત્ર **(MGT-03)**
**તારીખ** : **24/04/2011**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : (1) બધાજ પ્રશ્નોના ગુણ એક સરખા છે.
(2) બધાજ પ્રશ્નોના ઉત્તરો આપવા ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 ''ભાષા યાદચ્છિક ધ્વનિ સંકેતોની વ્યવસ્થા છે'' – આ વિધાનની ઉદાહરણ સાથે ચર્ચા કરો. (14)

**અથવા**

ભાષાની સાંકેતિક વ્યવસ્થામાં યાદચ્છિકતા, દ્વિસ્તરિયતા અને ખુલ્લાપણું કઈ રીતે છે ? સમજાવો.

પ્રશ્નઃ–2 ગુજરાતી ભાષાના ઉદ્ભવની ભૂમિકાનાં લક્ષણો ઉદાહરણ સાથે જણાવો. (14)

**અથવા**

ગુજરાતી ભાષાનું શબ્દભંડોળ સદૃષ્ટાંત સ્પષ્ટ કરો.

પ્રશ્નઃ–3 ગુજરાતી ભાષાના તાલવ્ય અને કંઠય સ્પર્શ ધ્વનિઓના અરસપરસના સંબંધોની વ્યવસ્થા ઉદાહરણ સાથે સમજાવો. (14)

**અથવા**

ગુજરાતીમાં જંકચર, દીર્ઘત્વ–હ્સ્વત્વ, આરોહ–અવરોહનું સ્થાન ઉદાહરણ સાથે સમજાવો.

પ્રશ્નઃ–4 વાકય એટલે શું ? તે જણાવી પદ્ક્રમ અને પદસંવાદ કઈ રીતે વાકયમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે ઉદાહરણ સાથે જણાવો. (14)

**અથવા**

સાદું, સંકુલ અને સંયુકત વાકયના પ્રકારો સદૃષ્ટાંત લખો.

પ્રશ્નઃ–5 ટૂંકનોંધ લખો. (ગમે તે બે) (14)

1. સંજ્ઞાસૂચક રૂપો
2. વાકયમાં પદસાધક અને અંગસાધક રૂપો
3. વર્ધકો
4. રવાનુકારી અને દ્વિરુકત રચનાઓ

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા એપ્રિલ - 2011

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(MGT)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : નિબંધ **(MGT-04)**
**તારીખ** : **25/04/2011**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : (1) માગ્યા પ્રમાણે ઉત્તરો લખો.
(2) દરેક પ્રશ્નના ગુણ પ્રશ્નની સામે દર્શાવેલ છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 નીચે પૈકી કોઈ પણ **પાંચ** પ્રશ્નોના ઉત્તર આપો. (20)

1. ગુજરાતી ભાષામાં પ્રભુત્વ લાવવા માટે તમે શું કરશો ?
2. લખાણમાં અસરકરતા લાવવા માટે ભાષાની કઈ સજ્જતા કેળવવી અનિવાર્ય છે ?
3. ભાષામાં તળપદા શબ્દો કોને કહેવાય ? કોઈપણ પાંચ તળપદા શબ્દો લખો.
4. વાદાત્મક ગદ્ય અને ભાવાત્મક ગદ્ય એટલે શું ?
5. ‘જગતની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી’ – સુન્દરમ્‌ની આ પંક્તિનો વિસ્તાર કરો.
6. અહેવાલ લખતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ?
7. કોઈ એક પ્રકૃતિ વિષયક નિબંધ પસંદ કરી દસ વાકયો લખો.
8. નિબંધમાં વર્ણનનું શું મહત્ત્વ છે ?
9. આત્મકથા અને નિબંધ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

પ્રશ્નઃ–2 નીચે પૈકી કોઈ પણ **બે** વિષય ઉપર નિબંધ લખો. (50)

1. ‘વાંચે ગુજરાત’ અભિયાન મારી દ્દષ્ટિએ.
2. આજનું અને આવતી કાલનું ગુજરાત
3. સાહિત્ય અને સમાજ
4. કલા અને સાહિત્ય

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા એપ્રિલ - 2011

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ (**MGT**)

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : વિશેષ લેખક : સિમાચિન્હો (**MGT-05**)
**તારીખ** : **26/04/2011**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : (1) બધાજ પ્રશ્નોના ગુણ એક સરખા છે.
(2) બધાજ પ્રશ્નોના ઉત્તરો આપવા ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 આત્મકથા એટલે શું ? તે સ્પષ્ટ કરી આત્મકથાના સ્વરૂપગત લક્ષણોનો પરિચય કરાવો. (14)

**અથવા**

નિબંધના સાહિત્ય સ્વરૂપની ચર્ચા કરી નિબંધના પ્રકારોની ચર્ચા કરો.

પ્રશ્નઃ–2 'સત્યના પ્રયોગો'ને આત્મકથા તરીકે સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. (14)

**અથવા**

'સત્યના પ્રયોગો'માંથી તમને ગમતા કોઈપણ બે પ્રકરણોની ચર્ચા કરો.

પ્રશ્નઃ–3 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' પુસ્તકને આધારે ઈતિહાસ લેખક તરીકે ગાંધીજીને મૂલવો. (14)

**અથવા**

હિંદને છૂટવાના ઉપાય માટેના ગાંધીજીના વિચારો જણાવો.

પ્રશ્નઃ–4 ટૂંકનોંધ લખો. (ગમે તે બે) (14)

1. 'મરજિયાત પરવાનાની હોળી' – પ્રકરણની ચર્ચા
2. 'ટૉલ્સ્ટૉ ફાર્મ'ની પ્રવૃત્તિઓ
3. હિંદ સ્વરાજમાં ગાંધીજીનું ચિંતન
4. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં ભોગવેલી યાતનાઓ.

પ્રશ્નઃ–5 ટૂંકનોંધ લખો. (ગમે તે બે) (14)

1. 'સત્યના પ્રયોગો'માં ગાંધીજીની નિખાલસતા
2. 'સત્યના પ્રયોગો'માં શીર્ષકની ઉચિતતા
3. ગાંધીજીની ધર્મવિષયક ભાવના
4. ગાંધીજીની ભાષાશૈલી 'સત્યના પ્રયોગોને' આધારે ચર્ચા કરો.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા એપ્રિલ - 2011

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(MGT)**

નોંધણી નંબર : ______________

**પાઠયક્રમ** : સાહિત્ય મિમાંસા **(MGT-06)**
**તારીખ** : **27/04/2011**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : (1) બધાજ પ્રશ્નોના ગુણ એક સરખા છે.
(2) બધાજ પ્રશ્નોના ઉત્તરો આપવા ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 ભરતમુનિનું રસસૂત્ર સમજાવી ભટ્ટ લોલ્લટનો મત સમજાવો. (14)

**અથવા**

રસનિષ્પતિની પ્રક્રિયા જણાવી રસ પ્રતિતિના વિઘ્નો જણાવો.

પ્રશ્નઃ–2 ધ્વનિ એટલે શું ? તે સમજાવી રસધ્વનિની ઉદાહરણ સાથે ચર્ચા કરો. (14)

**અથવા**

કુંતકે આપેલી વક્રોકિતની વ્યાખ્યા આપી વક્રતાના પ્રકારો જણાવો.

પ્રશ્નઃ–3 એરિસ્ટોટલનો અનુકરણનો સિદ્ધાંત જણાવો. (14)

**અથવા**

ટ્રેજેડીની વ્યાખ્યા આપી, ટ્રેજેડીનાં મહત્ત્વના ઘટક અંગેની ચર્ચા કરો.

પ્રશ્નઃ–4 ટૂંકનોંધ લખો. (ગમે તે બે) (14)

1. ક્રોચેનો અભિવ્યકિતવાદ
2. કેથાર્સિસ
3. ટી. એસ. એલિયટનો કાવ્ય વિચાર
4. નવ્યવિવેચન

પ્રશ્નઃ–5 ટૂંકનોંધ લખો. (ગમે તે બે) (14)

1. કવિતાના ત્રણ સૂર
2. વાગ્મિતાવાદનાં પાંચ તત્ત્વો
3. લોન્જાઈનસનો ઉદાત્તતા અંગેનો વિચાર
4. કાવ્યના માર્ગો

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા એપ્રિલ - 2011

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(MGT)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : ગુજરાતી ગદ્યનાં સિમાચિન્હો **(MGT-07)**
**તારીખ** : **28/04/2011**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : (1) બધાજ પ્રશ્નોના ગુણ એક સરખા છે.
(2) બધાજ પ્રશ્નોના ઉત્તરો આપવા ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 'મારી હકીકત'ના આધારે ગદ્યકાર નર્મદનો પરિચય કરાવો. (14)

**અથવા**

'મારી હકીકત' કૃતિનું આત્મકથા તરીકે મૂલ્યાંકન કરો.

પ્રશ્નઃ–2 'રાઈનો પર્વત' એક સિમાચિન્હ્ રૂપ નાટક છે' – આ વિધાનની ચર્ચા કરો. (14)

**અથવા**

'રાઈનો પર્વત'ના આધારે રમણભાઈ નીલકંઠને નાટયકાર તરીકે મૂલવો.

પ્રશ્નઃ–3 'જનાન્તિકે' ના આધારે સુરેશ જોષીની નિબંધકાર તરીકેની વિશેષતાઓ અને મર્યાદાઓની ચર્ચા કરો. (14)

**અથવા**

'જનાન્તિકે' નિબંધ સંગ્રહમાં આવેલા નિબંધોનું મૂલ્યાંકન કરો.

પ્રશ્નઃ–4 'સૌરાષ્ટ્રની રસધાર ભાગ–૧' ના આધારે ઝવેરચંદ મેઘાણીની વાર્તાકાર તરીકેની વિશેષતાઓ અને મર્યાદાઓની ચર્ચા કરો. (14)

**અથવા**

'સૌરાષ્ટ્રની રસધાર ભાગ–૧' ના આધારે ઝવેરચંદ મેઘાણીને લોકસાહિત્યકાર તરીકે મૂલવો.

પ્રશ્નઃ–5 ટૂંકનોધ લખો. (ગમે તે બે) (14)

1. 'કાવ્ય શકિત'ના વિવેચન લેખો.
2. 'કાવ્ય શકિત'ના ગ્રંથાવલોકનો
3. 'મારી હકીકત' શીર્ષકની યથાર્થતા
4. 'રાઈના પર્વત' નો અંત'

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા એપ્રિલ - 2011

**અભ્યાસક્રમ** : અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ **(MGT)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : અનુવાદ કલા **(MGT-08)**
**તારીખ** : **29/04/2011**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : (1) બધાજ પ્રશ્નોના ગુણ એક સરખા છે.
(2) બધાજ પ્રશ્નોના ઉત્તરો આપવા ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 અનુવાદની વિભાવના સ્પષ્ટ કરી અનુવાદનું સ્વરૂપ સ્પષ્ટ કરો. (14)

**અથવા**

અનુવાદનું ક્ષેત્ર જણાવી તેના પ્રકારોની ચર્ચા કરો.

પ્રશ્નઃ–2 ભાષાઓનો ઉદ્‌ભવ અને વિકાસ જણાવો. (14)

**અથવા**

અનુવાદમાં રૂપાંત્તર અને અનુસર્જનનું સ્થાન જણાવો.

પ્રશ્નઃ–3 અનુવાદ : વિજ્ઞાન, કલા કે કૌશલ્ય ? (14)

**અથવા**

અનુવાદ કરવા માટે સહાયક સાધનોની ચર્ચા કરો.

પ્રશ્નઃ–4 આદર્શ અનુવાદના લક્ષણો જણાવો. (14)

**અથવા**

અનુવાદમાં અર્થવિચાર ભારતીય અને પાશ્ચાત્ય દ્દષ્ટિકોણથી સમજાવો.

પ્રશ્નઃ–5 ટૂંકનોધ લખો. (ગમે તે બે) (14)

1. અનુવાદમાં માતૃભાષાનો પ્રભાવ
2. સંસ્કૃત કાવ્યનો આધુનિક ભાષાઓમાં અનુવાદ
3. રૂઢિપ્રયોગોનો અનુવાદ
4. અનુવાદ અને શૈલી

---